## વીજાણુરૂપે ઉપલબ્ધ માહિતી.

| અ.નં | મુદ્દા | વિગત |
|---|---|---|
| ૧૬.૧ | વીજાણુરૂપે ઉપલબ્ધ વિવિધ યોજનાઓની માહિતીની વિગતો આપો. | (૧) રાજકોટ જિલ્લામાં સર્વ પ્રથમ રાજકોટ શહેરમાં તા.૧૬–૮–૨૦૦૪ થી રેશનકાર્ડ કામગીરી કોમ્પ્યુટરાઈઝડ કરી ઓન–લાઈન કરવામાં આવેલ છે અને ત્યાર બાદ તબકકા વાર જિલ્લાના તમામ તાલુકાઓમાં પણ આ કામગીરી ઓન–લાઈન કરવામાં આવી છે.<br>(૨) કેરોસીન લીફટીંગ ઈન્ફોર્મેશન સિસ્ટમ (KLIS) દ્વારા કેરોસીનના ઉપાડ અંગેની રોજેરોજની માહિતી ઓન–લાઈન પ્રાપ્ય છે.<br>(૩) રાજકોટ જિલ્લાની બજારોમાં આવશ્યક ચીજવસ્તુઓ જેવી ઘઉં, ચોખા, દૂધ, શાક–ભાજી, મીઠું વગેરે તથા ખાદ્યતેલ અને તેલીબીયાના રોજેરોજના ભાવો ઓન–લાઈન સરકારશ્રીને મોકલવામાં આવે છે.<br>(૪) રોમીંગ રેશનકાર્ડ વેબ પોર્ટલ દ્વારા એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં મજૂરી અર્થે જતાં–આવતાં મજૂરોને આપવાની યોજના અન્વયે પ્રાથમિક કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ છે. સરકારશ્રી તરફથી સમગ્ર રાજયમાં ઓન–લાઈન કામગીરી ચાલુ કરવા સૂચના થયેથી અમલવારી કરવામાં આવશે.<br>(૫) રાજકોટ જિલ્લામાં કલેકટરશ્રીને રૂબરૂ મુલાકાત અર્થે આવતાં અને મુલાકાત આપવામાં આવી હોય તેવા અરજદારોની રજૂઆત/અરજી પરત્વે કલેકટરશ્રીએ આપેલ સૂચના મુજબ ત્વરિત કાર્યવાહી થાય તે માટે વિઝીટર્સ ઈન્ફોર્મેશન સિસ્ટમ ડેવલોપ કરવામાં આવેલ છે અને અમલમાં મૂકવામાં આવેલ છે.<br>(૭) કચેરીની રોજબરોજની કામગીરીમાં કોમ્પ્યુટરનો મહતમ ઉપયોગ કરવામાં આવે છે. વિવિધ પત્રકો, માહિતીઓ તથા પત્રવ્યવહાર માટે વધુમાં વધુ વિજાણુ ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવે છે.<br>(૮) જિલ્લા પુરવઠા કચેરી હેઠળની બન્ને ઝોનલ કચેરીઓમાં એક–એક તથા મુખ્ય શાખામાં ત્રણ તથા જિલ્લા પુરવઠા અધિકારીશ્રી હસ્તક એક મળી કુલ–૬ કોમ્પ્યુટર સિસ્ટમ કાર્યાન્વિત છે અને આ તમામ કોમ્પ્યુટર GSWAN દ્વારા જોડાયેલ છે.<br>કલેકટર, રાજકોટની વેબસાઈટ www.collectorrajkot.gujarat.gov.in છે. |